ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*સત્તાનો સમુદ્ર રાજકીય રણે ખોવાઈ ગયો!*
*કાવાદાવા - ખટપટ સાબુથી ધોવાઈ ગયો!*
*જોવાઈ માત્ર 'પૈતૃકી પારિવારિક વફાદારી' -*
*લપોડશંખ માયાવી અવાજમાં મોહાઈ ગયા!*
*(માનનીય બાપુની પરિસ્થિતિ)*

### હાઈકુ

*નાખી પાણીમાં,*
*હાથે કરી બાપુએ -*
*સોનાની જાળ...*

*તૂટી ને લોભે*
*ટમકતા તારલા -*
*થાય પથ્થરા...*

### ચિંતન

***સાંસિદ્ધિકી સ્વાભાવિકી સહજા અકૃતા ચ યા ।***
***પ્રકૃતિઃ સેતિ વિજ્ઞેયા સ્વભાવં ન જહાતિ યા ॥***

**ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિત સંગ્રહમાંથી લેવામાં આવેલ છે.**

**જે ઉત્તમ સિદ્ધિ દ્વારા સ્વાભાવિક, સરજ અને અકૃત છે તેમ જ જે પોતાના સ્વભાવનો પરિત્યાગ નથી કરતી, તે 'પ્રકૃતિ' છે, એમ એને જાણવી.**

**અહીં 'પ્રકૃતિ'ના લક્ષણો બતાવ્યાં છે. જે પોતાના મૂળભૂત સ્વભાવને કયારેય ન છોડે, તે 'પ્રકૃતિ' કહેવાય. તેને ચાર પ્રકારની ગણાવી છે. 'સાંસિદ્ધિકી, સ્વભાવિકી, સહજા અને અકૃતા.' સંસિદ્ધિકી વડે થનારી તે સંસિદ્ધિકી, વસ્તુના સ્વભાવથી સિદ્ધ તે સ્વભાવિકી. સહજા એટલે જન્મ સાથે જ ઉત્પન્ન થનારી. અકૃતા - અર્થાત કોઈના વડે ન કરાયેલ. જેમ પાણીની પ્રકૃતિ નીચાણવાળા પ્રદેશ તરફ વહેવાની છે.**

### સુવિચાર

- અપરાધી મન એટલે આશંકાઓનો અડ્ડો, ચોરને દરેક ઝાંખરામાં પોલીસ જ દેખાય - **અખંડ આનંદ**
- કોસલો સફેદ ના હોય તેમ અભિમાન સાત્ત્વિક ના હોય - **કિશોરલાલ મશરુવાળા**
- આંખો નહીં ખોલવાને કારણે તું અંધ છે,
  કાન ખુલ્લા હોવા છતાં નહીં સાંભળવાના તારા હઠાગ્રહને કારણે તું બહેરો છે - **નરસિંહરાવ દિવેટીયા**
- સારા આશય એ સારાં બીજ જેવા હોય છે, પણ એમની વાવણીના થાય તો એમનું સત્ય ને સારાપણું નષ્ટ થાય છે - **સંત રોબિન**
- આત્મગૌરવને ભૂલીને મેળવેલી તમામ સફળતાઓ તણખલા સમાન છે - **પંડિત સુખલાલજી**
- આત્માને રથમાં બેઠેલો યોદ્ધો જાણ, શરીરને રથ સમજ,
  બુદ્ધિને સારથી ગણ અને મનને લગામ માન - **કઠોપનિષદ**
- આજનું ઔષધ : લીંબુના રસમાં થોડો પાપડખાર મેળવી પીવાથી પેટનો દુઃખાવો અને આફરો મટે છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

કપૂરથલાની કોમર્સ કૉલેજના એક પ્રાધ્યાપકને મળવા મિનિસ્ટર સાહેબ ખુદ કૉલેજમાં આવ્યા. એમને આગ્રહ હતો કે એમના દીકરાને અર્થશાસ્ત્ર આ પ્રાધ્યાપક અંગત ટ્યુશન કરીને ભણાવે. પ્રાધ્યાપકે કહ્યું, 'સાહેબ, મને કૉલેજ તરફથી જીવનનિર્વાહ જોગું વેતન મળે જ છે. માટે હું ટ્યુશન સ્વીકારી ન શકું. અને ખાનગી ટ્યુશન કરવામાં હું મારી આ સેવા ખંડિત થશે અને મારું મન વધુ પૈસા તરફ દોડશે.'

મિનિસ્ટર સાહેબે આચાર્ય ને દબાણ કર્યું. એટલે પ્રાધ્યાપકે ટ્યુશન શરુ કર્યું પણ સાથે શરત મૂકી કે તેઓ કૉલેજ માં જ અલગથી ભણાવશે અને એનું મહેનતાણું પોતે નહીં લે પણ કૉલેજમાં જમા કરાવવાની શરતે ભણાવશે. પરિક્ષા આવી. પરિણામ આવ્યા. નવાઈની વાત એ બની કે પ્રધાનપુત્ર અર્થશાસ્ત્રમાં નાપાસ થયો. વધુમાં પ્રાધ્યાપકે જ અર્થશાસ્ત્રના પેપર તપાસવા અને એમાં પણ પ્રધાનપુત્રનું પેપર હતું. છતાં એમાં ખોટા માર્ક મૂકીને તેમણે પ્રધાનપુત્રને નાપાસ કર્યો.

ત્યારે આચાર્ય ને સમજાયું કે પ્રાધ્યાપકને જબરદસ્તી કરી ટ્યુશન માટે હા પાડવી છતાં પ્રધાનપુત્ર ને નાપાસ કર્યો. એ પ્રાધ્યાપક હતા સિયારામજી મહારાજ.

# 'રાહુલ'નો ઉદય સૂર્યનગરીના આંગણે

**તંત્રીસ્થાનેથી...**

જેના નામ સાથે 'પપ્પુ' અને 'બાબા' જેવાં હાસ્ય પ્રેરક લટકણિયાં જોડી રાજકીય ક્ષિતિજે એને ઊગતાં જ ડામી દેવાની ચાણક્યચાલ ચલાવાતી રહી હતી તે રાહુલ ગાંધી ઉર્ફે રાજીવ ગાંધીના સુપુત્ર અને ઈંદિરા ગાંધીના પૌત્ર તથા પંડિત જવાહરલાલ નહેરુના વર્તમાન વંશવારસ ગુજરાતની સૂર્યનગરી સુરતમાં જંગી રેલી યોજી શકે તે ઘણા બધાને મન કૌતુક જ હશે. છેક છેલ્લી ઘડી સુધી મનાઈ રહ્યું હતું કે વરાછા તો ભારતીય જનતા પાર્ટીનો અણનમ ગઢ. છેલ્લાં ઘણાં વર્ષોથી અહીં કોંગ્રેસ લગભગ નામશેષ થઈ ગઈ હતી. વળી અહીંથી ઊઠેલો અવાજ છેક સૌરાષ્ટ્રના અંતરિયાળ વિસ્તારો પર્યંત પડઘાતો રહેતો અને પાટીદાર સમાજ તથા એની સાથે સંકળાયેલા અન્ય જ્ઞાતિ સમુદાયો કોંગ્રેસની વિરુદ્ધ એક જૂથ બની કેશુભાઈ પટેલથી લઈ નરેન્દ્ર મોદી સુધીના ભાજપી નેતાઓનું સમર્થન કરતા રહેતા. ગુજરાતમાં લગભગ પા સદી જેટલા લાંબા સમય સુધી ભારતીય જનતા પાર્ટીનું કમળ ખીલતું રહ્યું એમાં સુરત અને સવિશેષ સુરત નિવાસી સૌરાષ્ટ્રવાસીઓનો સિંહફાળો રહ્યો છે. સુરત કયારેક 'સોનાની મૂરત' હતી; વચ્ચે કેટલાક વખત પૂરતી માઠી દશા પણ આવી અને ત્યારે કવિએ ગદ્ગદ કંઠે ગાવું પડેલું : 'આ તે શા તુજ હાલ ! - સુરત સોનાની મૂરત...' પણ સમય સાથે માનવી અને ભૂમિના દિવસો પણ બદલાતા રહે છે, એ ન્યાયે એ જ કવિ નર્મદ જો આજે હયાત હોય તો સુરતની બદલાયેલી સૂરત જોઈને એને સોનાની નહીં બલકે હીરામોતીની કે પ્લેટિનમની મૂરત કહેવા પ્રેરાયા હોત. સુરતે નર્મદ અને નવલરામ કે નંદશંકર મહેતાથી લઈ ચં.ચી. મહેતા અને જયંત પાઠક તથા ભગવતી કુમાર શર્મા જેવા સાક્ષરો આપ્યા છે. ગુજરાતી સાહિત્યના પહેલા નવલથાકાર અને સર્વોત્તમ હાસ્યકાર સુરતનાં ફરજંદ છે. આવા સુરતમાં ગુજરાતની ચૂંટણીઓ એક ઊગું ઊગું થતા રાષ્ટ્રીય નેતાનો ઉદય થઈ રહ્યો હોય તો એ પણ ગુજરાત માટે ગૌરવવંતી ઘટના જ ગણાવી જોઈએ. જે પ્રચંડ પાટીદાર આંદોલને શાસક પક્ષ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઊંઘ હરામ કરી દીધી છે એની શરુઆત યોગાનુયોગ વડાપ્રધાનના જ વતન સમા વિસનગરથી થઈ હતી અને હાર્દિક પટેલ જેવા તદ્દન અજાણ્યા, નવલોહિયા પાટીદાર યુવા નેતાને એને ગુજરાત આખામાં વાવાઝોડામાં ફેરવી દીધું હતું. વરાછાએ પાટીદાર સમાજનું નર્વ સેન્ટર છે. ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહને સુરતમાં જાકારો મળ્યો તે પછી કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની કેવી દશા થશે એ વિશે ભારે શંકાકુશંકા પ્રવર્તતી હતી. હાર્દિક પટેલને પાટીદારોના કહેવાતા ખેરખાં ભલે લેખામાં ન લેતા હોય પણ એ ધારે તો કેવડી મોટી ભીડ ભેગી કરી શકે છે, એનો પરચો સુરતમાં રાહુલ ગાંધીને મળેલા પોઝિટિવ પ્રતિસાદ અને અમિત શાહને મળેલ જાકારાથી કળી શકાય છે. રાહુલ ગાંધીએ પણ વરાછા જેવા કોંગ્રેસ વિરોધી વિસ્તારમાં આવી જંગી મેદનીની ભાગ્યે જ અપેક્ષા રાખી હશે. દલિતોના પ્રશ્નો સાથે રાહુલને મળવા જિજ્ઞેશ મેવાણી પણ ગણદેવી પહોંચે છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના હૂંફાળા પ્રતિસાદની અપેક્ષા રાખતી શાસક પાર્ટી માટે આ ઘટનાને લાલબત્તી સમાન જ ગણાય. રાહુલ ગાંધીના દાદા ફિરોઝ ગાંધીનું મૂળ વતન ભરૂચ હતું. એ રૂએ પણ રાહુલ ગાંધી માટે નર્મદા અને તાપીનો આ પ્રદેશ તો પિતૃભૂમિ જ ગણાય.

# અઘરાં અને ગંભીર સાહિત્યની થોડી હળવી વાતો



## મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

હમણાં જ કયાંક વાંચવા મળ્યું કે વિશ્વમાં સૌથી વધુ બોલાતી માતૃભાષાઓમાં ગુજરાતીનો ૨૪ ક્રમ છે. પણ ગુજરાતીમાં રચાતા સાહિત્યનો વૈશ્વિક સાહિત્યના સંદર્ભ ક્રમ હજી સુધી નક્કી થયો નથી આપણી માતૃભાષા જેટલી સરળ અને મીઠ્ઠી ભાષા દુનિયામાં બીજી કોઈ નથી. આપણી ભાષાની બીજી એક ખાસિયત એ છે કે આપણે જે ભાષામાં બોલીએ છીએ, ઝગડીયે છીએ. કોઈને ગાળો આપીએ છીએ, જે ભાષાથી આપણે શાકભાજી વેંચીએ છીએ, જે ભાષામાં આપણે વેપાર કરીએ છીએ, અને એ જ ભાષામાં સાહિત્યનું શ્રેષ્ઠ સર્જન કરવાનું! આવી અદ્ભૂત ભાષા હોવા છતાંય જાણે કે આજકાલ ગુજરાતી સાહિત્યમાં ખુબ જ અઘરું, ગંભીર અને સંદિગ્ધ લખવાની જાણે કે ફેશન બની ગઈ છે.

આમ જોઈએ તો આનો શ્રેય પંડિત યુગના વિદ્વાન અને 'સરસ્વતી' મહાનવલના સર્જક ગોરવર્ધનરામ ત્રિપાઠીને આપવો જોઈએ. આ ગાળામાં સંસ્કૃતપ્રચૂર ભાષામાં ખુબ લખાયું. અને એવા લખાણની ઠેકડી ઊડાડવા 'ભદ્રંભદ્ર' પણ આવ્યા. પછી ગાંધીજી અને કનૈયલાલ મુનશીએ ગુજરાતી ભાષા ઘેર ઘેર વંચાતી થાય એવું સરળ સાહિત્ય આપ્યું. પરંતુ ફરી વાર સુરેશ જોશી, મધુરાય અને ચંદ્રકાન્ત બક્ષી જેવા સર્જકોથી ગુજરાતી ભાષા પોતાની કરવટ બદલે છે અને શરુ થાય છે એબ્સર્ડ યુગ. લાભશંકર ઠાકર, આદિલ મંસૂરી, કાંત શાહ, સિતાંશુ યશશ્ચંદ્ર અને ચિનુ મોદીએ એબ્સર્ડ નાટકો અને કવિતાઓ ખુબ લખીને અનેક વિદ્વાનોને આંજી નાખ્યા. વળી ના સમજાતું હોવાથી અનેક વિદ્વાનોએ આવા પુસ્તકોને પુરસ્કૃત પણ કર્યાના ઉદાહરણો આપણી પાસે છે.

આમ જોઈએ તો અઘરું સાહિત્ય લખવાના ઘણા ફાયદા છે. સૌથી પહેલો ફાયદો એ કે એ લખ્યા પછી આપણા સાહિત્ય કોઈ એને સમજી ના શકે. તેથી વિવેચકોનો ડર રહેતો નથી. સમજે તો વિવેચન કરે છે ને? બીજો ફાયદો એ કે મોટા પુરસ્કારોની સ્પર્ધાઓમાં નિર્ણાયકોને એમ લાગે કે આ કોઈ મહાનકૃતિ છે. આમાં વૈશ્વિક સંવેદના વ્યક્ત થઈ છે, નવા નવા મીથ અને આકૃતિમૂલક કલ્પનોનો ઉજાસ - આર્વિભાવ થયેલો જોઈ શકાય છે. એમ કહીને આવી રચનાને પારિતોષિકો પણ જલ્દી મળી જાય છે.

આજકાલ અઘરું અને જોક્સ જેવું લખાવાની ફૅશન ચાલે છે. અઘરું સર્જન - વિવેચનમાં લખાય છે અને જોક્સ જેવું કવિતામાં અને ખાસ કરીને ગઝલમાં. આજે દરેક સોમાંથી ૯૮ કવિઓ ગઝલ લખે છે. આમ જોઈએ તો ગઝલ એ મત્સ્યકન્યા જેવી છે. નવા કે જુના કોઈ પણ કવિને પોતાની તરફ જલ્દી આકર્ષી લે છે. કવિઓ આમે ય કોઈ કન્યા તરફ બહું જલ્દી આકર્ષાઈ જતા હોય છે. આજે મોટ ભાગના મુશાયરામાં રજૂ થતી ગઝલોને મળતી 'વાહ વાહ' એ ગઝલની સંવેદનશીલતાને નહીં પણ એમાં રહેલ 'સેટાયર'ને, મળતી હોય છે. અને તેથી જ મધુરાય જેવા સર્જકને પણ ગઝલની એલર્જી છે. જો કે એલર્જીથી ગઝલની લોકપ્રિયતા ઓછી નથી થવાની. પણ સવાલ ગઝલના આંતરિક મૂલ્યનો છે. ઘણી વખત હસાવે છે કે ચોટ કરે છે, એ જ નથી કળાતું.

જે હોય તે પણ મારા અઘરા લેખક મિત્ર હવે કવિતાઓ લખવાના છે એવો મને એમણે વોટ્સએપમાં મેસેજ કરેલો. ત્યારથી હું ચિંતિત છું કે જો તેઓ કવિતાઓ લખશે, નિબંધો લખશે તો ગુજરાતી ભાષાનું શું થશે ? વળી એક વાર એમના અતિ અઘરાં અને ગંભીર લખાણથી ગૂંચવાઈને એક સાવ નવોદિત કવિ એમની પાસે પોતાના પ્રથમ કાવ્યસંગ્રહની પ્રસ્તાવના લખાવવા ગયો. તો એમણે પ્રસ્તાવના ચોવીસ પાનાની લખી અને શીર્ષક આપ્યું, 'પ્રતિસંધાનુ ગિત્વાનુભાવ સમ્હોય્કય કામ્સ્ત્વના' પેલો નવોદિત આજે પ્રતિષ્ઠિત કવિ બની ગયો છે. ત્રણ ભાષામાં પીએચ.ડી. કર્યું છે. ચાલીસ જેટલા પુસ્તકો લખ્યા છે પણ એના પ્રથમ કાવ્યસંગ્રહની પ્રસ્તાવનાના 'શીર્ષક' નો અર્થ આજેય સમજી શક્યો નથી. એ હજી પણ હિંદી, સંસ્કૃત અને ગુજરાતી ભાષાના અનેક વિદ્વાનોને એનો અર્થ પૂછતો ફરે છે કોઈ અત્યાર સુધી એનો અર્થ આપી શક્યું નથી. મિત્રો, આપ પણ પ્રયાસ કરી શકો છો, અર્થ મળે તો મને જણાવશો.

9426060601.india@gmail.com

# બાય બાય 'કમબેક કિંગ' નેહરાજી...!!!



## રજળપાટ

અજય ઉપાધ્યાય

વિક્રમ સંવંત ૨૦૭૪ શરુ થઈ ગયું છે...દિવાળીને ધામધુમથી ઉજવીને હવે ફરીથી રૂટીનમા ગોઠવાવાની મથામણ શરુ થઈ ચુકી છે...તહેવારોના આગમન પહેલા ઉત્સાહ અને તહેવારો વીતી જાય પછીની એકલતા વચ્ચે આમ આદમીને સેટ થતા સમય લાગે છે પણ જીવન છે એટલે રોજ નવા નવા પડકારો પાર પામવાની મથામણમાં દિવસો પસાર થતા જાય છે. પણ તહેવારો આ ભાગદોડવાળી જીંદગીમાં સ્ટ્રેસબસ્ટરનું કામ કરે છે...તહેવારોની ઉજવણીથી નવી ઉર્જા મળે છે અને એ ઉર્જા આપણને આગળની જિંદગીના સુખ અને દુઃખની સાથે પનારો પાડવામાં હેલ્પીંગ હેન્ડ સાબિત થાય છે. સમય કોઈના માટે અટકતો નથી એ પ્રમાણે ખરેખર તો આપણે જેને બેસતું વર્ષ કહીએ છીએ એ ના તો બેસેલું છે પણ એ તો ખરેખર ચાલતું વર્ષ છે...સમયની ગતિ ફરતી રહે છે એમ દિવસો બદલાતા રહે છે અને બદલાતું રહે છે વર્ષ પણ....બેસતું નહિ પણ ચાલતું અને આમ જોવા જાવ તો આ ફાસ્ટ લાઈફમાં દોડતું વર્ષ...! દરેક નવું વર્ષ નવી આશાઓ... અપેક્ષાઓ... ઉમંગો અને પડકારો લઈને આવે છે, એ પડકારો, આશાઓ અને અપેક્ષાઓ પૂરી થાય છે કે નહિ એનો સઘળો આધાર આવનારા વર્ષને આપણે કઈ રીતે લઈએ છીએ એના પર છે...!

ગુજરાતી નવું વર્ષ શરુ થઈ ગયું છે તો શરૂઆત ગુજરાતથી જ કરીએ. આ નવું વર્ષ ગુજરાત માટે અને ખાસ કરીને ગુજરાતીઓ માટે એક નવી કસોટી લઈને આવ્યું છે. વિધાનસભાની ચૂંટણીઓ જાહેર થઈ ચુકી છે અને રાજકીય કાવાદાવાઓ અને કાગરોળો તો ક્યારની શરુ થઈ ચુકી છે એવામાં આખાયે ભારતની નજર ગુજરાત વિધાનસભાના પરિણામો પર રહેવાની એ નક્કી છે.ઘણા લાંબા સમયથી ગુજરાતની ગાદી પર શાશન કરી રહેલી ભાજપા માટે આ ઈલેક્શન જબરો પડકાર છે. મુખ્યત્વે લોકશાહીમાં જે પાર્ટી વધુ સમય સત્તામાં રહે એના પર એન્ટી-ઈન્કમબન્સીનો ખતરો વધુ રહેતો હોય છે. ફરિયાદોનો ઢગલો વધતો જતો હોય છે. આપણે લોકસભાના ઈલેકશનમાં આ જ વસ્તુ જોઈ છે અને હવે વિધાનસભાના ઈલેકશનમાં ગુજરાતમાં ભાજપ માટે સૌથી મોટો પડકાર એ જ છે. 'ગુજરાત એટલે મોદીનું ગુજરાત 'આવી શાખ બચાવવી ભાજપ માટે આ ઈલેકશનમા મુખ્ય પડકાર રહેશે. ભાજપ વિરુદ્ધ પડકારો અને વિરોધોનો સુર સંભળાય રહ્યો છે, આ વિરોધોને પોતાની ફેવરમાં, પોતાના પક્ષે કરવા એ જ ભાજપની ખરી કસોટી રહેવાની છે. સામે પક્ષે કોંગ્રેસને અનાયાસે ભાજપ વિરોધી સુરોનો સાથ મળતો થયો છે અને અત્યારે તો કોંગ્રેસ આ અચાનક મળેલા ટેકાઓના સહારે ગુજરાતની ગાદી પર બિરાજમાન થવાના સપના જોઈ રહી છે. પણ હકીકત એ છે કે નો ડાઉટ ભાજપ પ્રત્યે વિરોધ અને ફરિયાદો હોવા છતાં પણ હજુ એવું કહી શકાય નહિ કે આનો લાભ ચોક્કસથી કોંગ્રેસને જ મળશે. અથવા તો એમ કહી શકાય કે હજુ એવું વાતાવરણ નથી સર્જાયું કે ભાજપ પ્રત્યે ઉદભવેલા વિરોધને કોંગ્રેસ પોતાની બાજુ વાળી શકી હોય. જો ભાજપે પુનરાવર્તન માટે હજુ વધુ મહેનતની જરૂર હોય તો ચોક્કસપણે કોન્ગ્રેસ્સે પરિવર્તન માટે ભાજપથી ક્યાય વધુ મહેનતની જરૂર રહેવાની છે કેમકે કદાચ ભાજપને માનનારો મોટો વર્ગ ભાજપથી નારાજ હોય શકે છે પણ હજુ કોંગ્રેસે એ નારાજ વર્ગને પોતાના તરફ વાળવો બાકી છે એ હકીકત છે અને ત્યાં જ કોંગ્રેસની કસોટી થવાની છે.

આ નવા વર્ષના આગામી બે મહિના સુધી ગુજરાતમાં એક જ પ્રશ્ન ચર્ચાતો રહેશે અને એ હશે 'પુનરાવર્તન કે પરિવર્તન ?'રૂપાણી સરકારે પુનરાવર્તનને સિક્યોર કરવા માટે ચૂંટણી જાહેર થઈ એના ઘણા સમય અગાઉથી જ નારાજ વર્ગોને મનાવવાના લગભગ બધા જ પ્રયત્નો કરી લીધા છે જેમાં ખેડૂતો, નોકરીયાતો અને વેપારીઓ જેવા વર્ગોને વિવિધ પ્રકારની છૂટછાટો અને રાહતો સામેલ છે. રૂપાણી સરકાર સિવાય પ્રધાનમંત્રી મોદી ખુદ વિવિધ યોજનાઓના ઉદઘાટનોના બહાને ગુજરાતની જનતા સાથે સીધો સંવાદ કરી ચુક્યા છે તો કોંગ્રેસના રાહુલ ગાંધી પણ આ વખતે ગુજરાત ઈલેકશનને વધુ ગંભીરતાથી લઈ રહ્યા છે અને એમની ફ્રિકવન્ટ ગુજરાત મુલાકાતો વધી ગઈ છે એવામાં ૧૮ ડિસેમ્બરે ખુલનારી મતપેટીઓ જ જાહેર કરશે કે ગુજરાતની જનતાએ પુનરાવર્તન પસંદ કર્યું છે કે પરિવર્તન? ખેર ગુજરાતમાં ચૂંટણીનો માહોલ હજુ બીજા બે મહિના રહેવાનો છે અને ગુજરાતનો ચૂંટણી જંગ રોચક અને દિવસે દિવસે નવા રંગ બતાવનારો થવાનો છે એ નક્કી છે એવામાં અત્યારથી વધુ વિશ્લેષણ કરવું વ્યર્થ છે અને આગળ ઉપર પુનરાવર્તન કે પરિવર્તન પર ચર્ચા કરતા રહેશું પણ ગુજરાત ભાજપ અને ગુજરાત કોંગ્રેસ બંને માટે અને ઈવન મોદી અને રાહુલ માટે પણ આ નવું વર્ષ કેટલું નુતન નીવડે છે એ તો મતદારોની શરતો લાગુ પર નિર્ભર છે એ નક્કી છે...!

●●●

દર દિવાળી કે ન્યુ યર કે ઈદ જેવા તહેવારો બોલીવુડ માટે મહત્વના હોય છે કેમકે આ ગાળામાં ફિલ્મ રીલીઝ કરવાથી સારું ઓપનીંગ અને કમાણી મળે છે એવામાં આ દિવાળીએ રીલીઝ થયેલી રોહિત શેટ્ટીની ગોલમાલ સિરીઝની 'ગોલમાલ અગેન 'એ આ દિવાળીમાં ૧૦૦ કરોડની બાઉન્ડ્રી લાઈન કુદાવીને ટ્રેડ પંડિતોને અચંબામાં મૂકી દીધા. જો કે રોહિતની બધી જ ગોલમાલ સારી ચાલેલી પણ જે રીતે 'ગોલમાલ અગેન' ફક્ત ૩ જ દિવસમાં ૧૦૦ કરોડને પાર થઈ ગઈ એ ખરેખર બોલીવુડ માટે સારા સમાચાર છે. હોરર કોમેડી જેવી ભુલાયેલી જોનરવાળી વાર્તા ધરાવતી 'ગોલમાલ અગેન 'ખરેખર પૈસા વસુલ સાબિત થઈ છે. સટીક વનલાઈનર અને અજય દેવગણ, અરશદ, શ્રેયસ,જોની લીવર,કૃણાલ ખેમુ, પરીનીતી, તબુ વગેરે વગેરે જેવા મલ્ટીસ્ટાર કાસ્ટની સોલીડ કોમિક ટાઈમિંગને લીધે મનોરંજક બનેલી આ ફિલ્મે શાહરૂખ અને સલમાન જેવા સુપરસ્ટારોની હમણાં ફ્લોપ ગયેલી ફિલ્મોનો ગમ ભુલાવી દીધો છે. ગોલમાલ અગેનની સાથે રીલીઝ થયેલી આમીરના સ્પેશિયલ એપીયરન્સ વાળી 'સિક્રેટ સુપરસ્ટાર'એ પણ તગડો નફો કમાઈ લીધો છે. ફક્ત ૫૦ કરોડના ટોટલ બજેટવાળી 'સિક્રેટ સુપરસ્ટાર' માઉથ ટુ માઉથ પબ્લીસીટીના પ્રતાપે ઓલમોસ્ટ ૮૦ કરોડ જેવો વકરો કરી ચુકી છે. ગોલમાલ અને સિક્રેટ સુપરસ્ટાર બન્ને અલગ અલગ કથાવસ્તુ અને જોનરની ફિલ્મ હોવા છતાં બોક્સઓફીસ પર જે રીતે સફળ થઈ છે એનાથી ચોક્કસપણે બોલીવુડનો ઉત્સાહ વધ્યો જ હશે અને હવે બોલીવુડની નજર ડીસેમ્બરમાં આવનારી સંજય લીલા ભણશાલીની મહત્વાકાંક્ષી અને વિવાદિત 'પદ્માવતી' તેમજ ટ્યુબલાઈટ ની નિષ્ફળતા ભૂલાવવા અને પોતાનું સ્ટારડમ સલામત રહે એની જેના પર સલમાનને આશા છે એવી 'ટાઈગર જિંદા હૈ'ના આવા જ સુપર કલેક્શન પર રહેશે.

**વિસામો :**

'રોંગ સાઈડ રાજુ'ની સફળતા અને 'કરશનદાસ 'જેવી સારી ફિલ્મો પછીથી ગુજરાતી ફિલ્મોમાં પડેલા ક્વોલીટી ફિલ્મોના દુકાળને દુર કરવા પ્રતિક ગાંધી, મલ્હાર ઠાકર અને આરોહી જેવા સ્ટાર કલાકારો અને સંદીપ પટેલ જેવા અનુભવી દિગ્દર્શકની આવી રહેલી ફિલ્મ 'લવ ની ભવાઈ' પર ગુજરાતી ફિલ્મ દર્શકો અને ઈન્ડસ્ટ્રીની નજર રહેશે...!

# શું બધી લેબોરેટરીના પ્લેટલેટ સાચા હોય છે?



## તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર
ડો. દિનેશ રાઠોડ

**(બીજો મણકો)**

ડેન્ગ્યુમાં એનએસ૧ એન્ટીજન, આઈજીએમ અને આઈજીજી એન્ટી બોડી અગત્યના હોય છે. સામાન્ય રીતે સીબીસીમાં પ્લેટલેટ કાઉન્ટ ઓછા થતાં હોય છે. ઘણી વખતે પ્લેટલેટ કાઉન્ટ નોર્મલ પણ આવે છે. પણ સામાન્ય રીતે પ્લેટલેટ કાઉન્ટ ઓછા થતાં હોય છે. પ્લેટલેટ કાઉન્ટ નોર્મલ દોઢ લાખ થી અઢી લાખ હોય છે. ડેન્ગ્યુમાં લાખ કરતાં ઓછા પ્લેટલેટ કાઉન્ટ થતાં હોય છે ત્યારે ડૉક્ટરને અને દર્દીને અને લેબોરેટરીને ડેન્ગ્યુ હશે એવો અણસાર આવે છે અને ત્યારપછી ડેન્ગ્યુ, એનએસ૧ અને આઈજીજી, આઈજીએમ ડેન્ગ્યુ એન્ટી બોડી કરાવતા હોય છે. પ્લેટલેટ કાઉન્ટ એ વાયરસ શરીરમાં કેટલા છે એ પ્રમાણે આવતા હોય છે. વધારે ખરાબ વાયરસ જો શરીરમાં હોય તો પ્લેટલેટ કાઉન્ટ ૧૦ હજાર અથવા તો ૧૫ હજારની આજુબાજુ થઈ જતાં હોય છે. આ પરિસ્થિતિ જોખમકારક કોઈ વખત થઈ શકે છે. એમાં ગભરાવાની જરૂર નથી. દર્દીએ નાસીપાસ થવાની જરૂર નથી. ડેન્ગ્યુ થાય એટલે પ્લેટલેટ ઓછા થાય. એમાં દરેક વખતે દાખલ થઈને પોતાની જાતને અને પોતાના ખિસ્સાને તકલીફ આપવાની જરૂર નથી હોતી. પણ ડૉક્ટર કરતાં પણ વધારે દર્દીઓને દાખલ થવાની ચિંતા હોય છે. અને ડૉક્ટરને ના પાડવાનું શું કારણ ? એટલે કે ડૉક્ટર ખોટા દાખલ કરે છે? ના એવું નથી. પણ દાખલ થયા સિવાય પણ ઘરે બેઠા બેઠા ડેન્ગ્યુમાં આરામ કરી વધારે પ્રમાણમાં પ્રવાહી લઈ, મીઠું અને લીંબુ વધારે પ્રમાણમાં લઈ શરીરને આરામ આપી ડેન્ગ્યુને મટાડી શકાય છે. પણ કોઈપણ વ્યક્તિને આ રીતે દવા કરવામાં બીક લાગે અને એમના ઘરનાને જોખમકારક લાગે. તેથી દરેક દર્દી દાખલ થઈ જતો હોય છે. એનો મતલબ એ થાય કે દાખલ થયા સિવાય ડેન્ગ્યુ મટી શકે? અને જવાબ હા. ડેન્ગ્યુમાં દાખલ થવાની જરૃર નથી હોતી. તાવ આવે તો પેરાસિટામોલ લો. વધારે પ્રમાણમાં પ્રવાહી ખોરાક લો, આરામ કરો અને લેબોરેટરીમાં પ્લેટલેટ કાઉન્ટ વારંવાર તપાસતા રહો. પ્લેટલેટ કાઉન્ટ માટે સારી લેબોરેટરી હોવી ૧૦૦ ટકા જરૂરી છે. અત્યારના જમાનામાં બધી લેબોરેટરીમાં ઓટોમેટીક પ્લેટલેટ કાઉન્ટ થતી હોય છે.

પણ જો મશીન બરોબર ન હોય એને કંટ્રોલ અને કેલીબ્રેશન જો રેગ્યુલર થતું ન હોય તો તમારો રીપોર્ટ ખોટો હોઈ શકે છે. એટલે સારી લેબોરેટરી હોવી જરૂરી છે. અને ખાલી મશીનમાંથી આવેલ પ્લેટલેટ હંમેશા સાચી નથી હોતી. કોઈ વખતે મોટી પ્લેટલેટ હોય કે જાયન્ટ પ્લેટલેટ હોય અને એગ્રીગેટ પ્લેટલેટ હોય એટલે કે પ્લેટલેટનું ૮-૧૦નો સમૂહ થઈ ગયો હોય તો સેલ્ફ કાઉન્ટર પ્લેટલેટ ઓછી બતાવે છે. તો ભઈ હવે શું કરવાનું? તો આ પરિસ્થિતિમાં અનુભવી લેબોરેટરી જરૂરી છે. જેમાં ડીસી એટલે કે માઈક્રોસોક્પમાં તમારા લોહીના નમૂનાને મૂકી જેને બરાબર ડાઈથી રંગી માઈક્રોસોક્પમાં મૂકી બરાબર પ્લેટલેટ ગણવામાં આવે તો જ સાચા પ્લેટલેટ ખબર પડે. એટલે કે મશીનના પ્લેટલેટ કાઉન્ટ અને મેન્યુઅલ પ્લેટલેટ કાઉન્ટ બંને ખૂબ જ અગત્યના હોય છે. અને દરેક ડૉક્ટરે અને દરેક દર્દીએ મશીનમાં પ્લેટલેટ કાઉન્ટ કેટલા છે અને મેન્યુઅલ પ્લેટલેટ કાઉન્ટ કેટલા છે એ જાણવું જ જોઈએ અને એ લેબોરેટરી જો બંને કાઉન્ટ આપતી હોય એવી જ લેબોરેટરીમાં લોહીનો ટેસ્ટ કરાવવાનો આગ્રહ રાખવો જોઈએ. અને હા... પ્લેટલેટ કાઉન્ટમાં રમત ન કરવી જોઈએ. કોઈપણ લેબોરેટરીમાં પ્લેટલેટ કાઉન્ટ કરાવો પછી વારાફરથી કઈ લેબોરેટરી સાચા રીપોર્ટ આપે છે એની તપાસ કરવા ન જાવ. લેબોરેટરીની પરીક્ષા ન કરો. જ્યાં તમારા પૈસા અને સમય અને લોહી બધુ જ બગડે છે. તમને જ્યાં પણ વિશ્વાસ હોય એ લેબોરેટરીમાં ટેસ્ટ વારેવારે ત્યાં જ કરાવો. કારણ કે દરેક મશીન ઉપર જુદા જુદા રીપોર્ટ આવી શકે છે. અને તમે દુઃખી થઈ જશો. અને લેબોરેટરી પરથી તમને વિશ્વાસ ઉઠી જશે. કે કંઈ લેબોરેટરી સાચી, બધા જુદા જુદા રીપોર્ટ આપે છે. તો પ્રશ્ન હવે થાય છે કે કંઈ લેબોરેટરી સાચી. સારી લેબોરેટરી શોધવાનો રસ્તો શો ? લેબોરેટરીના સંચાલકને પ્રેમથી પૂછો કે ભાઈ તમે મશીનને કંટ્રોલથી રોજ જુવો છો ? કંટ્રોલ એટલે શું સવાલ તરત જ થાય. એવો જવાબ એ થાય કે લોહીની જેમજ જુદી જુદી કંપનીઓ ફીક્સ પ્લેટલેટના તથા બીજા પેરામીટર બીજા પેરામીટર એટલે એચબી હિમોગ્લોબીન, ટોટલ ડબલ્યુબીસી, ડિફ્રન્સીયલ કાઉન્ટ અને બ્લેડ ઈન્ડાયસીસ આ બધાની ફિક્સ વેલ્યુ આપે છે. જેને લોહીની જેમ મશીનમાં ચલાવવાના હોય છે. અને તમારા મશીનમાં અને કંપનીએ આપેલ વેલ્યુમાં કેટલો ફેરફાર છે એ જોવાનું હોય છે. જો કંપનીની વેલ્યુ અને તમારા મશીનની વેલ્યુ જો જુદી પડે તો તરત જ શું કરવું પડે ભાઈ ? તો જવાબ એ મળે કે તમારા મશીનને તમારે રીકેલીબ્રેટ કરવું પડે. એ કેવી રીતે થાય તો એના માટે પણ ખૂબ જ મોંઘા કેલીબ્રેટર આવતા હોય છે. જેની વેલ્યુ ફીક્સ હોય છે. એ રન કરાવી ફીક્સ વેલ્યુ સાથે કંપેર કરવાના હોય અને જે વેલ્યુ કંપનીની સીટમાં હોય એ મશીનમાં તમારે એક્જેસ્ટ કરવું પડે. અને પછી પાછું એને ફરીથી રન કરાવવું પડે. અને તમારું મશીન અપડેટ થયું છે કે નહીં તે ચકાસવું જોઈએ. આ ખર્ચાળ વસ્તુ છે એટલે મોટાભાગની લેબોરેટરી આ પ્રમાણે કરાવતી નથી. ૨ થી ૫ ટકા જ લેબોરેટરી પાસે આ સુવિધા હોય છે. માટે સારી લેબોરેટરી હોવી જરૂરી છે અને દર્દીનો અને ડૉક્ટરનો હક્ક છે કે તેમણે લેબોરેટરીવાળાને પૂછવું જોઈએ કે ભાઈ આજના કંટ્રોલની સીટ બતાવો. છેલ્લુ કેલીબ્રેશન ક્યારે કર્યું હતું તે મને કહો અને એનું પરીણામ મને બતાવો. જો કે આ વાચી ઘણીબધી લેબોરેટરીવાળા દુઃખી થઈ જશે. પણ સત્ય આ છે કે દર્દીના લોહી સાથે મજાક કરવાનો કોઈ લેબોરેટરીવાળા હક્ક નથી. તમે કોઈ દર્દી સાથે મજાક ન કરી શકો. તમારે અને ડૉક્ટરને જે કંઈપણ લેવાદેવા હોય પણ તમે તમારા સ્વાર્થ ખાતર કોઈની પણ જિંદગી સાથે મજાક ન કરી શકો. અને હું તો ફરી કહું છું કે દરેક દર્દી અને દરેક સારા ડૉક્ટરે લેબોરેટરીમાં જઈને કંટ્રોલ, કેલીબ્રેટરની સીટ માંગવી જ જોઈએ. જો ન હોય તો એ લેબોરેટરીમાં રીપોર્ટ ન કરાવો.